
# જૈવિક દૂધ ઉત્પાદન



પશુ વિજ્ઞાન કેન્દ્ર, લીમખેડા
આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા - ૩૮૯ ૩૮૦

જૈવિક દૂધ ઉત્પાદનએ સજીવ ખેતી પૈકીમાંની જ એક ચળવળ છે જે વૈચારિક ખેડૂતો અને તંદુરસ્તી પ્રત્યે સભાન દૂધ ઉપભોકતાઓના સંયુકત સહકારથી શકય બની શકે છે.

**જૈવિક ખેતી માટેના સિધ્ધાંતો**

- જમીનની ફળદ્રુપતાની જાળવણી–ઓર્ગોનિક પદાર્થો
- પ્રદુષણ ઘટાડવું (ઈકોફ્રેન્ડલી)
- પોષણક્ષમ
- ઉર્જાનું સંરક્ષણ
- પશુધનની તંદુરસ્તી
- આર્થિક રીતે પરવડે તેવી ક્ષમતા

**જૈવિક દૂધ ઉત્પાદન એ સજીવ ખેતીનો જ એક ભાગ છે, જે નીચે મુજબની ફાર્મ તથા પશુપાલનની માવજત સંબંધિત લાક્ષણિતાઓ ધરાવે છે.**

- દૂધાળા પશુઓને સજીવ ખેતી ધ્વારા ઉત્પાદીત ઘાસ,કઠોળ તથા ધાન્ય ઘાસ જ ખવડાવવું.
- કઠોળવર્ગના ચારા ધ્વારા મૂળગંડીકાઓના માધ્યમ ધ્વારા વધારાના હવામાંના નાઈટ્રોજનનું સંગ્રહ કરવો.
- સિમીત અથવા સુમિશ્રીત દાણનો કોઈપણ ઉપયોગ ન કરવો.
- પશુઓમાં રોગો અટકાવવા અગમચેતી રાખવી અને ઓર્ગોનિક ફાર્મિંગ થકી જો રોગો આવે તો આર્યુવેદ, હોમીયોપેથી, એકયુપંચર જેવી પધ્ધતિથી સારવાર કરવી.

**જૈવિક દૂધ ઉત્પાદનના ફાયદાઓ :**

- જૈવિક ડેરી ફાર્મિંગ ધનિષ્ટ પશુ ઉછેરને ધટાડે છે જેથી વાતાવરણમાં પ્રદૂષણ ધટાડે છે.
- જૈવિક દૂધ રાસાયણિક અને તેના અવશેષો મુકત તેમજ પેસ્ટીસાઈડ, હેવી મેટલ અને દવાઓના અવશેષો મુકત હોવાથી કોઈપણ જાતની એલર્જી થતી નથી.
- જૈવિક દૂધ ખાસ કરીને બાળકોની તંદુરસ્તી માટે અગત્યનું છે કારણ કે બાળકોને પેસ્ટીસાઈડના અવશેષોની વધુ પડતી આડ અસરો થતી હોય છે. જે નિવારી શકાય છે.
- જૈવિક દૂધ ઉત્પાદન દ્વારા સરવાળે વધુ ફાયદો મળે છે કારણ કે તેની કિંમત વધુ મળે છે.

**જૈવિક દૂધ ઉત્પાદમાં અડચણરૂપ કારણો :**

- જૈવિક દૂધ ઉત્પાદન માટે જાનવર દીઠ વધારે ફાર્મની જમીનની જરૂરિયાત રહેશે, કારણ કે વધારે પ્રમાણમાં લીલાઘાસ ચારાની જરૂરિયાત રહે છે.
- જૈવિક દૂધ ઉત્પાદન ધનિષ્ટ રીતે દૂધ ઉત્પાદનની સરખામણીમાં જાનવર દીઠ ઓછુ મળે છે.
- પશુઓને રોગ મુકત રાખવા માટે સારામાં સારી ચોખ્ખાઈ રાખવી પડે છે.
- જૈવિક દૂધ ઉત્પાદન માટે ફાર્મમાં ઉત્પાદિત થતાં ઘાસચારામાં  રાસાયણિક ખાતર, કે પેસ્ટીસાઈડ ત્રણ વર્ષ સુધી ઉપયોગમાં લીધા વગર ઉગાડવામાં આવે છે. જે ખરેખર મુશ્કેલ અને લાંબો સમય માંગી લે છે.
- મોટે ભાગે ભારતીય ખેડુત અભણ અને મોટે ભાગે માહિતીનો અભાવ વાળો હોવાથી જૈવિક દૂધ ઉત્પાદન માટે રેકોર્ડ અને લખાણ રાખવાની ખાસ જરૂરત રહે છે.
- જૈવિક  દૂધ ઉત્પાદન માટે સર્ટીફીકેશન પ્રોસેસ ગરીબ પશુપાલક માટે ખર્ચાળ પડે છે.

**જૈવિક રીતે ઉત્પાદન થયેલ દૂધમાં**

- ૫૦% વધારે વિટામીન ઈ
- ૭૫% વધારે બીટા કરોટીન
- બે થી ત્રણ ગણુ એન્ટીઓકસીડન્ટ
- વધારે પ્રમાણમાં ઓમેગા–૩ આવશ્યક ફેટી એસીડ
- વધારે પ્રમાણમાં કોન્જયુગેટેડ લીનોલેઈક એસિડ જે (CLA) હદયરોગ અને ડાયાબીટીસ થતો અટકાવે છે.

**ભારતની જૈવિક દૂધ ઉત્પાદન ક્ષેત્રે સ્થિતિ :**

જૈવિક દુધ ઉત્પાદન ક્ષેત્રે પ્રગતિ કરવા માટે ભારત સરકાર ધ્વારા 'નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડકશન' (NPOP) માર્ચ ૨૦૦૦માં ચાલુ કરવામાં આવેલ છે.હાલમાં એગ્રીકલ્ચર એન્ડ પ્રોડકટ એકસપોર્ટ ડેવલોપમેન્ટ ઓથોરીટી (APEDA), આઈ.સી.એ.આર વિવિધ રાજયોની કૃષિ યુનિવર્સિટીઓ તથા બીન સહકરી સંગઠનોના માધ્યમથી જૈવિક ખેતી તથા દુધ ઉત્પાદનનો વેગ આપવાની કાર્યવાહી ચલાવવમાં આવી રહી છે. ભારતમાં જૈવિક દુધ ઉત્પાદન માટે છુટા છવાયા પ્રયત્નો થયેલ છે.

૧. રેકોર્ડ(દફતરની)જાળવણી : જૈવિક દુધ ઉત્પાદન સંબંધિ વિવિધ રેકોર્ડ જેવા કે જૈવિક રીતે ઉત્પન્ન થયેલ ઘાસચરો,બિયારણ,દવા વિગેરેની વિગતવાર નોંધ રાખવી જોઈએ.શકય બને તો જૈવિક દુધ ઉત્પાદકે પોતાનો જ ઘાસ ચરો તથા ધાન્ય/કઠોળ દાણા ઉગાડવા જોઈએ.

૨. પશુધનની નસ્લ(જાત) : ભારતીય ઓલાદની જ ગાયો ભેંસો રાખવી જોઈએ. જૈવિક દૂધ ઉત્પાદન મટે કૃત્રિમ બીજાદરને વર્જય ગણવામાં આવે છે.

૩. મજુર:જૈવિક દુધ ઉત્પાદન કે તેના પ્રોસેસીંગ કે વેચાણમાં બાળ મજુરોનો ઉપયોગ કરવા પર સખ્ત પ્રતિબંધ છે. આ ભારત માટે મોટો પ્રશ્ન છે.

૪. વિલયાતી દવાઓ ખુબ જ સિમીત ઉપયોગ : આયુર્વેદ,હોમીયોપેથીક કે અન્ય ભારતીય કુળની દવાનો (વનસ્પતિક)વધુમાં વધુ અને વિલાયતી દવાઓનો (એન્ટિબાયોટીક) ઓછામાં ઓછો ઉપયોગ જૈવિક દુધ ઉત્પાદનમાં કરવો જોઈએ. બિન પરંપરાગત દવાઓ પૂરતા પ્રમાણમાં મળતી નથી અને તેમની અસરકારકતા સામે પણ કેટલાક પ્રશ્નો ઉભા થાય છે. આવા સંજોગોમાં જૈવિક દુધ ઉત્પાદનમાં ખુબ જ તીવ્ર ઘટાડો થઈ શકે છે.

૫. ચરીયાણ વિસ્તાર : જૈવિક દુધ ઉત્પાદન માટે જરૂરી ચરાયાણ વિસ્તાર એ જૈવિક દુધ ઉત્પાદન માટે પાયાની જરૂરીયાત છે. જાનવરો માટે ચરવા માટે તથા તેમના મુકત હલનચલન માટે પુરતી જગ્યા હોવી જોઈએ.જૈવિક દુધ ઉત્પાદન કરવા માટે આપણા દેશમાં ઘણી મુશ્કેલીઓ છે.

મોટા ભાગના પશુઓ સીમાંત નાના ખેડુત તથા જમીન વિહોણા મજુરો પાસે હોવાથી તેઓને જૈવિક દુધની ખેતી અંગે વ્યવસ્થિત આયોજન કરી લેવામાં આવે તો દુધ ઉત્પાદનનો ખર્ચ ઘટાડી જૈવિક ઉત્પાદનકને વધુ ભાવ આપી તેઓને વધુ ફાયદો કરાવી શકાય તેમ છે. ભારત સરકારે તથા નિતી વિષયક નિષ્ણાંતોએ ડેન્માર્કની માફક પરંપરાગતમાંથી બિનપરંપરાગત દુધ ઉત્પાદન કરવા માટે દુધ ઉત્પાદકને પ્રોત્સાહન આપવા માટે તેમને સબસીડી તથા પ્રિમીયમ કિંમત આપવી જોઈએ.

**: લેખકો :**

**ડૉ. સફી વહોરા અને ડૉ. જી. એન. થોરાત**

**પશુવિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવગઢ બારીયા**